લીવ-ઈનમાં રહેતી મહિલા પાર્ટનરની કરપીણ હત્યા

પાલિયા ગ્રાઉન્ડમાં ૪૫ વર્ષીય મહિલાને માથામાં લાકડાના ફટકા મારી મોતને ઘાટ ઉતારી પ્રેમી ફરાર

પ્રથમ છૂટાછેડા અને બીજા પતિના અવસાન બાદ અરૂણા અશોક રાઠોડ સાથે છેલ્લા બે વર્ષથી લીવ-ઇન રિલેશનશિપમાં રહેતી હતી

સુરતઃ પાલિયા ગ્રાઉન્ડની ઝૂંપડપટ્ટીમાં ઘરકંકાસનો કરુણ અંજામ આવ્યો હતો. ઘરેલુ બાબતે થયેલા ઝઘડામાં ઉશ્કેરાયેલા પ્રેમીએ પોતાની સાથે લીવ-ઈન રિલેશનશિપમાં રહેતી ૪૫ વર્ષીય મહિલાના માથામાં લાકડાના ફટકા મારી તેની હત્યા કરી નાંખી હતી. હત્યા કર્યા બાદ આરોપી પ્રેમી રાત્રિના અંધકારમાં ફરાર થઈ ગયો હતો.

લાલગેટ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક અરૂણા રાઠોડ (ઉં.વ.૪૫, રહે. પાલિયા ગ્રાઉન્ડ ઝૂંપડપટ્ટી, ચોકબજાર, સુરત, મૂળ વતન વાંસદા, નવસારી) અગાઉ બે વખત લગ્નજીવનમાં વિખૂટાં પડ્યાં હતાં. પ્રથમ પતિથી છૂટાછેડા થયા બાદ બીજા પતિનું અવસાન થયું હતું. ત્યારબાદ અરૂણા અશોક રાઠોડ નામના શખ્સ સાથે પાલિયા ગ્રાઉન્ડ ઝૂંપડ પટ્ટી ખાતે છેલ્લા બે વર્ષથી લીવ-ઈન રિલેશનશિપમાં રહેતી હતી. અરૂણા ભંગાર વીણીને ગુજરાન ચલાવતી હતી, જ્યારે અશોક કડિયા કામ કરતો હતો.

ગત રાત્રે કોઈ ઘરેલુ બાબતે અરૂણા અને અશોક વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઝઘડો ઉગ્ર બનતાં આવેશમાં આવેલા અશોકે અરૂણાના માથાના ભાગે લાકડાના બે-ત્રણ ફટકા મારી દીધા હતા. માથામાં ગંભીર ઈજાઓ થવાના કારણે અરૂણાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ત્યારબાદ આરોપી અશોક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. આ અંગે એસીપી આર.આર. આહીરે જણાવ્યું હતું કે, ઘરકંકાસને કારણે પતિએ પત્નીના માથામાં લાકડાનો ફટકો મારતાં ૪૫ વર્ષીય મહિલાનું મોત થયું છે. હત્યા બાદ આરોપી ફરાર થઈ ગયો હોવાથી તેને ઝડપી પાડવા પોલીસની અલગ-અલગ ટીમો બનાવી શોધખોળ હાથ ધરવામાં આવી છે. લાલગેટ પોલીસે હત્યાનો ગુનો નોંધી ફરાર આરોપી અશોક રાઠોડને ઝડપી પાડવા તપાસ તેજ કરી છે.

સુરતમાં ઠંડીની શરૂઆત, મહત્તમ તાપમાનમાં અડધો ડિગ્રીનો ઘટાડો

વહેલી સવારે ઠંડકનો અહેસાસ, બપોરે યથાવત ગરમી; વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ઠંડી વધવાની શક્યતા

સુરતવાસીઓને વહેલી સવારે ઠંડક અને બપોરે ગરમી એમ મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે

સુરતઃ સુરત શહેરમાં હવામાનમાં ધીમે ધીમે બદલાવ જોવા મળી રહ્યો છે. દિવાળી બાદ વહેલી સવારે ઠંડીનો અહેસાસ થવા લાગ્યો છે, જોકે બપોરના સમયે હજુ પણ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. શહેરમાં મહત્તમ તાપમાનમાં અડધો ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે, જ્યારે લઘુત્તમ તાપમાનમાં અડધો ડિગ્રીનો વધારો થયો છે.

હવામાનના આંકડા મુજબ સુરતનું મહત્તમ તાપમાન 33.9 ડિગ્રી નોંધાયું હતું, જે અગાઉની સરખામણીએ અડધો ડિગ્રી ઓછું છે. બીજી તરફ લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 20 ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ 59 ટકા રહ્યું હતું. આ ઉપરાંત શહેરમાં ઉત્તર પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક 4 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. દિવાળી બાદથી વહેલી સવારે વાતાવરણમાં ઠંડક અનુભવાઈ રહી છે. ખાસ કરીને સવારના સમયે ઘરની બહાર નીકળતા લોકોને હળવી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. જોકે, બપોરના સમયે સૂર્યપ્રકાશને કારણે રસ્તાઓ પર ગરમી યથાવત છે. ઘરની અંદર સામાન્ય ઠંડક અનુભવાતી હોવાથી દિવસ અને રાતના વાતાવરણમાં તફાવત જોવા મળી રહ્યો છે. હવામાનમાં આગામી દિવસોમાં વધુ ફેરફાર થવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર શરૂ થતાં રાજ્યના હવામાનમાં બદલાવ આવી શકે છે. તેની અસરથી ઠંડીમાં પણ વધારો થવાની સંભાવના છે. હાલ સુરતવાસીઓને વહેલી સવારે ઠંડક અને બપોરે ગરમી એમ મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.

મુંબઈનો ITIનો વિદ્યાર્થી પિસ્તોલની ડિલિવરી કરવા સુરત આવ્યો

માત્ર 10 હજાર રૂપિયાની લાલચમાં મુંબઈના 'શ્યામ' નામના શખ્સે પાર્સલ પહોંચાડવાની જવાબદારી સોંપી હતી

સુરત : વાલક પાટિયા-મિશન રોડ પર ગુડ્સ ટ્રેનના ગરનાળા પાસેથી પોલીસે વિદેશી બનાવટની ગેરકાયદે પિસ્તોલ સાથે મુંબઈના ૧૯ વર્ષીય વિદ્યાર્થીને ઝડપી પાડ્યો હતો. મુંબઈના 'શ્યામ' નામના શખ્સે પાર્સલ પહોંચાડવાના બહાને રૂપિયા ૧૦ હજારની લાલચ આપી તેને સુરત મોકલ્યો હતો. લસકાણા પોલીસે પિસ્તોલ અને મોબાઈલ ફોન મળી રૂપિયા ૯ હજારનો મુદ્દામાલ કબજે કરી આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કોર્ટે તેના એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ગત તા.૧૫ નવેમ્બરના રોજ લસકાણા પોલીસ સ્ટેશનના અ.હે.કો. જયસુખભાઈ લાભાભાઈ અને પોલીસ સ્ટાફને બાતમી મળી હતી કે, વાલક પાટિયાથી મિશન રોડ પર ગુડ્સ ટ્રેનના ગરનાળા પાસે એક શખ્સ કાળા રંગની બેગ સાથે ગેરકાયદે હથિયાર લઈને ઊભો છે. બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી સ્થળ પર દરોડો પાડ્યો હતો અને શંકાસ્પદ હાલતમાં ઊભેલા આશીષ રાકેશભાઈ વિશ્વકર્મા (ઉ.વ.૧૯, મૂળ રહે. કુર્લા, મુંબઈ)ને ઝડપી પાડ્યો હતો.

પોલીસે યુવકની અંગઝડતી અને બેગની તપાસ કરતાં તેમાંથી વિદેશી બનાવટની લોખંડની પિસ્તોલ મળી આવી હતી. પિસ્તોલના બેરલની ડાબી બાજુએ પક્ષીનું ચિત્ર અને અંગ્રેજીમાં 'MADE IN USA MODEL STAR' લખેલું હતું. પોલીસે આશરે રૂપિયા ૫ હજારની પિસ્તોલ અને રૂપિયા ૪ હજારનો મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૯ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં આશીષે જણાવ્યું હતું કે, તે મુંબઈના શાંતાક્રુઝ રેલવે સ્ટેશન પાસે શ્યામ નામના શખ્સને મળ્યો હતો. શ્યામે તેને સુરતના લસકાણા વાલક પાટિયા નજીક ગુડ્સ ટ્રેનના ગરનાળા પાસે પાર્સલ પહોંચાડવાની જવાબદારી સોંપી હતી. સુરત પહોંચ્યા બાદ ફોન પર સંપર્ક કરી અન્ય વ્યક્તિ મારફતે પાર્સલ પરત મોકલવાની વ્યવસ્થા કરવાની વાત કરી હતી. આ કામના બદલામાં રૂપિયા ૧૦ હજાર આપવાની લાલચ આપવામાં આવી હતી. જેથી આશીષ ૧૪ નવેમ્બરની રાત્રે મુંબઈના બાંદ્રાથી ટ્રેનમાં બેસી સુરત આવ્યો હતો. જોકે, પાર્સલ પહોંચાડે તે પહેલાં જ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો.

ડિંડોલીમાં ભાડુઆતની હત્યા કરનાર દંપતી ઝડપાયું

હત્યા કર્યા બાદ દંપતી રૂમને તાળું મારી ફરાર થઇ ગયું હતું

સુરતઃડિંડોલી વિસ્તારમાં બનેલી એક અત્યંત સનસનાટીભરી હત્યાની ઘટનાનો સ્થાનિક પોલીસે ગણતરીના દિવસોમાં જ પર્દાફાશ કરી દીધો છે. ડિંડોલીના સાંઈ પોઈન્ટ પાસે આવેલા મકાનમાં રહેતા ભાડુઆત યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરવામાં આવી હતી અને આરોપીઓ મકાનને તાળું મારીને ફરાર થઈ ગયા હતા. ડિંડોલી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે ટેક્નિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે બાતમી મેળવીને આ ખૂની કાંડને અંજામ આપનાર નાસતા ફરતા દંપતીને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.

ગઈ તારીખ ૨૦ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ રાત્રે ડિંડોલી ખાતે આવેલા લક્ષ્મિનારાયણ સોસાયટી વિભાગ-૨ માં રહેતા ભાડુઆત અને મૃતક રાજેશ રામસ્વરૂપ મિશ્રા સાથે તેમની સાથે જ રહેતા રામપ્રસાદ ભૈયાલાલ મવાસી અને તેની પત્ની રાજાબાઈ ઉર્ફે રાણી સાથે કોઈ અગમ્ય કારણોસર ઝઘડો થયો હતો. આ દરમિયાન આવેશમાં આવીને દંપતીએ તિક્ષ્ણ હથિયાર મારી રાજેશ મિશ્રાની હત્યા કરી નાંખી હતી.

આરોપીઓ મકાનને બહારથી તાળું મારીને નાસી છૂટ્યા હતા. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા આરોપી દંપતી (૧) રામપ્રસાદ ભૈયાલાલ મવાસી (ઉ.વ. ૫૦) અને (૨) રાજાબાઈ ઉર્ફે રાણી ડબલ્યુ/ઓ રામપ્રસાદ મવાસી (ઉ.વ. ૪૬, બંને રહે. લક્ષ્મિનારાયણ સોસાયટી, ડિંડોલી, સુરત, મૂળ રહે. ગહેરા, તા. મજગાંવ, જી. સતના, મધ્યપ્રદેશ) ની ધરપકડ કરી છે.

ગાંધીબાગની પાછળનો ભાગ કોઇનું મોત લાવશે



સુરત મહાનગર પાલિકાએ થોડા વર્ષ પહેલા ગાંધીબાગમાંથી સીધા તાપી કિનારે જઇ શકાય તે માટે ફૂટ ઓવર બ્રિજ બનાવ્યો હતો. જો કે, હવે તે રખરખાઉના અભાવે ખંડેર થઇ ગયો છે. તેના પર લાગેલા મોટા પથ્થર નીચે પડી રહ્યાં છે. આ પત્થર જો કોઇના માથા પર પડે તો મોત આવી શકે તેમ છે એટલે પાલિકાએ તાત્કાલિક આ દિશામાં પગલાં ભરવા જોઇએ તેવી ત્યાંથી પસાર થતાં લોકોની માંગ છે. (તસવીર : હેમંત ડેરે)

કોસાડ આવાસમાં પાંચ વર્ષના બાળક પર ફ્રીઝ પડતાં ગંભીર ઈજા

ભંગારમાં કાઢીને ઘરની બહાર મૂકેલું ફ્રીઝ બાળક પર પડ્યું

સુરતઃ કોસાડ આવાસમાં ભંગારમાં કાઢીને ઘરની બહાર મૂકેલું ડબલ ડોર ફ્રીઝ પાંચ વર્ષના બાળક પર પડતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બાળક કરિયાણાની દુકાનેથી ફૂડ પેકેટ લેવા માટે નીચે ઉતર્યો હતો ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, મૂળ ભરૂચના વતની અને હાલ કોસાડ આવાસમાં પરિવાર સાથે રહેતા સોહેલ પટેલ મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનો પાંચ વર્ષીય પુત્ર સ્નેન સરકારી શાળામાં ધોરણ-૧માં અભ્યાસ કરે છે. શનિવારે રાત્રે સ્નેન ઘરેથી રૂપિયા લઈને નીચે આવેલી કરિયાણાની દુકાને ફૂડ પેકેટ લેવા માટે ગયો હતો. આ દરમિયાન બિલ્ડિંગમાં રહેતા એક વ્યક્તિએ ભંગારમાં કાઢેલું ડબલ ડોર ફ્રીઝ ઘરની બહાર મૂક્યું હતું. દરમિયાન સ્નેન હાથ લાગતા અચાનક આ ફ્રીઝ તેના પર પડતાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. આકસ્મિક બનાવ બાદ બાળકને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. નવી સિવિલના ફરજ પરના મેડિકલ ઓફિસર ડૉ. રાજેન્દ્ર સોલંકીના જણાવ્યા મુજબ, બાળકના માથા અને બંને આંખના ભાગના એક્સ-રે સહિતના રિપોર્ટ કરાવવામાં આવ્યા હતા. જેમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ સાથે ફ્રેક્ચર પણ જોવા મળ્યું હતું. અકસ્માતને પગલે બાળકના કાન અને નાકમાંથી મોટા પ્રમાણમાં લોહી નીકળ્યું હતું, જેને ગંભીર લક્ષણ માનવામાં આવે છે. હાલ બાળકને વધુ સારવાર માટે હોસ્પિટલના વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો છે.

પ્રેમસંબંધની અદાવતમાં યુવકની હત્યામાં આરોપીઓનો છુટકારો

સુરતઃ બહેન સાથેના પ્રેમસંબંધની શંકા અને અદાવતમાં મેહુલભાઈ સોલંકી નામના યુવકની હત્યા કેસમાં સુરતના એડિશનલ સેશન્સ જજે આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરી છોડી મૂક્યા હતા. ફરિયાદ પક્ષના કેસ મુજબ, મૃતક મેહુલભાઈ સોલંકીને મુખ્ય આરોપી શક્તિસિંહ વનરાજસિંહ બારૈયાની બહેન સાથે છેલ્લા ચારેક વર્ષથી પ્રેમસંબંધ હતો, જે શક્તિસિંહને પસંદ ન હતો. ગત તા. ૩૧/૦૩/૨૦૨૪ના રોજ મેહુલ સોલંકીને મળવા માટે બોલાતા આરોપીઓ ધસી જઈ માર મારી હત્યા કરી હતી. આ કેસમાં શક્તિસિંહ વનરાજસિંહ બારૈયા, મહિપતસિંહ કનુભાઈ બારૈયા અને મહિપતસિંહ અભયસિંહ ગોહિલ સામે ન્યાયિક કાર્યવાહી કોર્ટમાં ચાલી હતી. આરોપીઓ તરફથી એડવોકેટ કિરીટ પાનવાલા અને આર. એચ. જોલિયા હાજર રહ્યા હતા.

કતારગામના ઘરબા ટીયરના ઘરે રૂસ્તમ બંદરે ચોરી કરી હતી

અગાઉ અસંખ્ય ગુનાઓમાં સંડોવાયેલા ચોરને કતારગામ પોલીસે ઝડપી લીધો

સુરતઃકતારગામ વિસ્તારમાં અગાઉ તહેવાર દરમિયાન નોંધાયેલી ઘરફોડ ચોરીની એક મોટી અને ચકચારી ઘટનાનો સ્થાનિક પોલીસે સફળતાપૂર્વક પર્દાફાશ કર્યો છે. બંધ મકાનને નિશાન બનાવીને લાખો રૂપિયાની મત્તા ચોરી કરી નાસી છૂટેલા કુખ્યાત અને રીઢા તસ્કરને કતારગામ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે ટેક્નિકલ સર્વેલન્સ, હ્યુમન સોર્સ અને સીસીટીવી ફૂટેજના આધારે ઝડપી પાડ્યો છે. પોલીસ દ્વારા આરોપી પાસેથી સોના-ચાંદીના કિંમતી દાગીના, મોબાઈલ ફોન અને વાહન સહિતનો તમામ મુદ્દામાલ હસ્તગત કરવામાં આવ્યો છે.

કતારગામ સ્થિત શ્રીનિકેતન સોસાયટીના ઘર નં. ૪૧ માં રહેતા નિરવભાઈ મહેશભાઈ પારેખના મકાનમાં ગત તા. ૧૦ નવેમ્બર ૨૦૨૬ ના રોજ સોનાના દાગીના, એક આઈફોન અને રોકડા રૂ. ૭,૦૦૦ મળી કુલ રૂ. ૨,૧૬,૮૭૬ની મત્તાની ચોરી થઈ હતી. આ અંગે કતારગામ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં પોલીસે રીઢા અપરાધી રૂસ્તમ ઉર્ફે બંદર ફિરોઝ મિયાણા (ઉ.વ. ૨૨, રહે. કોસાડ આવાસ, અમરોલી / બાપુનગર, રાંદેર, સુરત) ને ઝડપી પાડ્યો હતો.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલા આરોપી રૂસ્તમ વિરુદ્ધ અગાઉ અડાજણ, રાંદેર, અમરોલી, જહાંગીરપુરા અને ઉમરા પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરી તથા મારામારીના અસંખ્ય ગંભીર ગુનાઓ નોંધાયેલા છે અને અગાઉ તેના પર પાસા ની કાર્યવાહી પણ કરવામાં આવી હતી.

ગોડાદરામાં કપડાં લેવા જતા આઠમાં માળેથી પટકાતાં પરિણીતાનું મોત

સુરતઃ ગોડાદરામાં દિવાળીના વેકેશનમાં પિયર આવેલી પરિણીતાનું આઠમા માળની બાલ્કનીમાંથી નીચે પટકાતાં કરુણ મોત નીપજ્યું હતું. બાલ્કનીમાં કપડાં લેવા ગયેલી પરિણીતા અચાનક સંતુલન ગુમાવતાં નીચે પટકાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના દોલતી ગામની વતની હેતલબેન ભરતભાઈ જાલોદરા (ઉ.વ. 29) હાલ કામરેજ કેનાલ રોડ પર આવેલા રિદ્ધિ સિદ્ધિ પાર્કમાં પરિવાર સાથે રહેતી હતી. તેમના પતિ હીરાના કારખાનામાં કામ કરીને બે પુત્ર સહિતના પરિવારનું ગુજરાન ચલાવે છે. દિવાળીના વેકેશનમાં હેતલબેન પોતાનાં સંતાનો સાથે ગોડાદરા વિસ્તારમાં આવેલા સુમન પ્રભાવ આવાસ ખાતે પિયર આવી હતી. દરમિયાન સોમવારે બપોરે હેતલબેન ઘરના આઠમા માળની બાલ્કનીમાં કપડાં લેવા ગયાં હતાં.

સિવિલમાં સીટી સ્કેનના રિપોર્ટ વોટ્સએપ પર મળશે

રિપોર્ટ લેવા માટે હોસ્પિટલના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે, સારવારની પ્રક્રિયા ઝડપી બનશે

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સુવિધામાં વધારો કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. હવે હોસ્પિટલના રેડિયોલોજી વિભાગમાં કરવામાં આવતા એક્સ-રે અને સીટી સ્કેનના રિપોર્ટ દર્દીઓને વોટ્સએપ મારફતે મળી રહેશે. રિપોર્ટ તૈયાર થયા બાદ રેડિયોલોજિસ્ટ દ્વારા વેરિફાઈ કરવામાં આવતાં જ તે સીધા દર્દીના મોબાઈલ પર મોકલી આપવામાં આવશે. આ સુવિધાથી દર્દીઓ અને તેમના પરિવારજનોને રિપોર્ટ મેળવવા માટે વારંવાર હોસ્પિટલના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે.

નવી સિવિલ હોસ્પિટલના કિડની બિલ્ડિંગ, સ્ટેમસેલ બિલ્ડિંગ તેમજ રેડિયોલોજી વિભાગમાં કાર્યરત એક્સ-રે અને સીટી સ્કેનની સુવિધા માટે આ વ્યવસ્થા અમલી બનાવવામાં આવી છે. અત્યાર સુધી રિપોર્ટ મેળવવા માટે દર્દીઓ અથવા તેમના પરિવારજનોને હોસ્પિટલમાં આવવું પડતું હતું. પરંતુ હવે સોફ્ટવેરમાં રિપોર્ટની એન્ટ્રી થયા બાદ રેડિયોલોજિસ્ટ દ્વારા વેરિફિકેશન પૂર્ણ થતાં જ રિપોર્ટ વોટ્સએપ પર મોકલી આપવામાં આવશે. જેના કારણે દર્દીઓનો સમય બચશે અને સમયસર રિપોર્ટ મળતાં ડોક્ટરોને આગળની સારવાર શરૂ કરવામાં પણ સરળતા રહેશે. તબીબી અધિક્ષક ડો. પારુલ વડગામાના માર્ગદર્શન હેઠળ આ સુવિધા શરૂ કરવામાં આવી છે. સમગ્ર વ્યવસ્થાના અમલીકરણમાં ઈન્ચાર્જ આરએમઓ ડો. લક્ષ્મણ તાહિલિયાણી, કિડની બિલ્ડિંગના નોડલ ઓફિસર ડો. ભરત ચાવડા તથા નર્સિંગ સુપરિન્ટેન્ડેન્ટ નીરજાબેન પટેલે સંકલન કર્યું છે.

સુરતમાં લગ્ન અને મરણ પ્રસંગોમાં ગૌમાંસ ખવાઈ છે

ભાઠેનાના રઝાનગરમાંથી 280 કિલો ગૌમાંસ ઝડપાયું

કસાઈ કાસીદ કરીમ શેખ રંગેહાથ ઝડપાયો, ત્રણ વોન્ટેડ

સુરતઃ સલાબતપુરા વિસ્તારમાં આવેલા ભાઠેના રઝાનગર ઝૂંપડપટીમાં બાતમીના આધારે દરોડો પાડીને પોલીસે ગૌરક્ષકોની મદદથી આશરે 280 કિલોગ્રામ ગૌમાંસના જથ્થા સાથે એક ઈસમને રંગેહાથ ઝડપી પાડ્યો છે. મકાનની અંદર બેસીને ગૌમાંસના ટુકડા કરી રહેલા આરોપી પાસેથી કુહાડી, છરી, વજન કાંટો અને અન્ય સાધનસામગ્રી જપ્ત કરવામાં આવી છે.પોલીસની પૂછપરછ દરમિયાન ઝડપાયેલા કાસીદે કબૂલાત કરી હતી કે આ જથ્થો વહેલી સવારે હારૂન લંબુ (રહે. મીઠી ખાડી, લીંબાયત) દ્વારા તેના માણસ ગુડ્ડુ સાથે રિક્ષામાં મોકલવામાં આવ્યો હતો.આ માંસ ઈરફાનભાઈ ફકીરા શેખ અને મજીદ ઉર્ફે ભંગારીબાવા (બંને રહે. રઝાનગર, ભાઠેના) દ્વારા લગ્ન પ્રસંગ અને મરણના પ્રસંગના ઓર્ડર માટે મંગાવવામાં આવ્યું હતું.

વરાછા ઈશ્વરકૃપા સોસાયટીમાં રહેતા અને માર્કેટમાં સેલ્સમેનની નોકરી કરવાની સાથે ગૌરક્ષક તરીકે સેવા આપતા લલિત ઉર્ફે શિવમ રાજીતરામ પાંડે (ઉ.વ. 24) અને તેમની ટીમના સભ્યોને બાતમી મળી હતી કે સલાબતપુરા ભાઠેના વાડીવાલા બાવાની દરગાહ પાછળ રઝાનગર ઝૂંપડપટીમાં આવેલા ઘર નંબર 389 માં કાસીદ કરીમ શેખ નામના ઈસમે ગૌમાંસનો જથ્થો છુપાવીને રાખ્યો છે. બાતમી મળતાની સાથે જ ગૌરક્ષકોએ પોલીસ કંટ્રોલરૂમ (112) માં ફોન કરીને જાણ કરી હતી, જેના પગલે ઉધના પોલીસ સ્ટેશનની પીસીઆર વન ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ કાફલા સાથે ગૌરક્ષકોએ ઉપરોક્ત મકાનમાં તપાસ કરતા ઘરનો દરવાજો અંદરથી બંધ હતો .ધક્કો મારતા દરવાજો ખુલી ગયો હતો અને અંદર દ્રશ્ય જોઈને સૌ કોઈ ચોંકી ઉઠ્યા હતા. મકાનના ભોંયતળિયે કાસીદ કરીમ શેખ હાથમાં છરો લઈને ગૌમાંસના ટુકડા કરી રહ્યો હતો અને તેની આજુબાજુ માંસના ઢગલા પડ્યા હતા. આ ઉપરાંત બ્લુ કલરનું પ્લાસ્ટિકનું બેરલ અને ઈલેક્ટ્રિક વજન કાંટો પણ લટકાવેલો હતો. સલાબતપુરા પોલીસ સ્ટેશનની હદ હોવાથી સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા.

એલપી સવાણી રોડ પર બાલ્કનીમાંથી ઘૂસીને ચોરી

ભેસ્તાનના ઇકલેરા ચાર રસ્તા પાસે પણ તસ્કરો ત્રાટક્યા

સુરતઃ શહેરના જુદા જુદા વિસ્તારમાં ચોરીની બે ઘટના પોલીસ ચોપડે નોંધાઇ છે

અડાજણ એલ.પી. સવાણી રોડ પર આવેલા વેસ્ટર્ન વિલા રો હાઉસમાં રહેતા ખેડૂત નવીનભાઈ જશુભાઈ પટેલ (ઉ.વ. 71)નો પરિવાર ઘરે ઉંઘતો હતો તે સમયે પાછળ આવેલા ખેતર તરફથી આવીને દીવાલ ચઢીને બાલ્કનીના માર્ગે ઘરમાં પ્રવેશી ગયો હતો. ચોર ઇસમે હોલના મંદિરમાં રાખેલા બોક્સમાંથી અંદાજે 50 ગ્રામ ચાંદીના સિક્કા, 20 ગ્રામ ચાંદીની ત્રણ નોટો, 45 ગ્રામ ચાંદીની બે પાયલ મળી કુલ 115 ગ્રામ ચાંદી (કિંમત અંદાજે રૂ. 15,000/-) તેમજ એક બ્લુ કલરનો વનપ્લસ કંપનીનો મોબાઈલ ફોન (કિંમત અંદાજે રૂ. 5,000/-) મળી કુલ રૂ. 20,000/- ની મત્તાની ચોરી કરી લીધી હતી. જ્યારે બીજા બનાવની વિગતો મુજબ, ભેસ્તાન વિસ્તારમાં ઇકલેરા ચાર રસ્તા પાસે આવેલી શ્રીવિનાયક સોસાયટીમાં રહેતા સંતોષ જગન આહીરે (ઉ.વ. 44) ના ઘરે ગત તા. 13/11/2026 ની રાત્રિથી તા. 14/11/2026 ની સવાર દરમિયાન તસ્કરોએ ત્રાટકીને ઘરફોડ કરી હતી.

પ્લોટ નંબર 42 ના પહેલા માળે આવેલા રૂમની બારીનું લોક કોઈ સાધન વડે તોડીને તસ્કરો ઘરમાં ઘૂસ્યા હતા. ત્યારબાદ ઘરમાં રાખેલા લોખંડના કબાટનું લોક અને તેનું લોકર તોડીને અંદર મૂકેલી સોનાની કાનની કડી નંગ-02 (વજન અંદાજે 1.5 ગ્રામ, કિંમત રૂ. 15,000/-) ની ચોરી કરી લીધી હતી.

ઉન-ખરવાસા ભીષણ આગ પ્રકરણ: 47 કલાક સુધી ઘટનાસ્થળે નહીં ફરકનાર અધિકારીઓનો ઉધડો લેવાયો

સુડાના અધિકારી આદિત્ય પટેલને શોકોઝ નોટિસ

9 વીઘા ખેતરમાં ગેરકાયદે ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટેજનું ગોડાઉન કેવી રીતે ધમધમતું થયું ?

ઇન્ચાર્જ CEO સ્મિત લોઢાએ લેખિત ખુલાસો માંગ્યો

સુરતઃ શહેરના ઉન-ખરવાસા રોડ પર આશરે 8 થી 9 વીઘા જેટલી વિશાળ ખેતીની જમીનમાં ઊભા કરી દેવાયેલા ગેરકાયદે ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટેજના ગોડાઉનમાં લાગેલી ભીષણ આગની ઘટનામાં તંત્રની ગંભીર બેદરકારી સામે આવતા આખરે સુડા (SUDA) ના ઈન્ચાર્જ સીઈઓ સ્મિત લોઢાએ લાલ આંખ કરી છે. તેમણે આ મામલે સુડાના અધિકારી આદિત્ય પટેલ સહિતના જવાબદાર અધિકારીઓને આડેહાથ લઈને કડક શબ્દોમાં ખખડાવ્યા હતા, એટલું જ નહીં પરંતુ અધિકારી આદિત્ય પટેલને સત્તાવાર શોકોઝ નોટિસ ફટકારીને લેખિતમાં ખુલાસો માંગ્યો છે. આ નોટિસમાં મુખ્યત્વે બે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે કે, 9 વીઘા જેટલી મોટી જમીનમાં ગેરકાયદે ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટેજનું ગોડાઉન બની ગયું ત્યાં સુધી સુડાના અધિકારીઓને તેની જાણ સુદ્ધાં કેમ ન થઈ? અને આટલી મોટી ભીષણ આગની દુર્ઘટના સર્જાયા બાદ સતત 47 કલાક સુધી ચાલેલા ઓપરેશન દરમિયાન એક પણ અધિકારી શા માટે ઘટનાસ્થળે ફરક્યું નહીં?



ઘટનાની વિગતો મુજબ, શહેરના ખરવાસા વિસ્તારમાં આવેલા ઉન-ખરવાસા રોડ પર ખુલ્લા ખેતરની 8 થી 9 વીઘા જમીનમાં કેટલાક તત્વો દ્વારા પોતાના આર્થિક લાભ માટે ગેરકાયદેસર રીતે ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટેજનું મોટું ગોડાઉન બનાવી દેવામાં આવ્યું હતું. ગત શનિવારે સવારે 10 વાગ્યે આ ગોડાઉનમાં સંગ્રહિત કાપડના ટુકડાઓ અને કચરામાં અચાનક આગ ફાટી નીકળી હતી. ગોડાઉનમાં અત્યંત જ્વલનશીલ અને મોટા પાયે ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટેજનો જથ્થો હોવાને કારણે ગણતરીની મિનિટોમાં જ આગે વિકરાળ અને ભયાનક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. બનાવની જાણ થતા જ ફાયર બ્રિગેડ કંટ્રોલ વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી શહેરના 10 ફાયર સ્ટેશનની 15 થી વધુ ફાયર ફાઈટર ગાડીઓનો કાફલો ઘટનાસ્થળે ખડકી દેવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ સતત પાણીનો મારો ચલાવીને કુલ 47 કલાકની અથાગ મહેનત બાદ આ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. શનિવારે સવારે 10 વાગ્યે લાગેલી આ આગ સોમવારે સવારે 9 વાગ્યે સંપૂર્ણપણે ઓલવાઈ હતી.

આ સમગ્ર દુર્ઘટનામાં સુડાના અધિકારીઓની ગુનાહિત બેદરકારી ત્યારે છતી થઈ જ્યારે ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા અધિકારીઓને શનિવારે સવારે 11 વાગ્યે અને ત્યારબાદ સાંજે 7 વાગ્યે એમ કુલ બે વખત સત્તાવાર રીતે જાણ કરીને ઘટનાસ્થળે પહોંચવા જણાવાયું હોવા છતાં એક પણ અધિકારી સ્થળ પર પહોંચ્યા ન હતા. એટલું જ નહીં, પરંતુ રવિવારે એટલે કે બીજા દિવસે પણ કોઈ અધિકારીએ ઘટનાસ્થળની મુલાકાત લેવાની તસ્દી લીધી ન હતી.

આ અત્યંત ગંભીર બાબતને ધ્યાને લઈને મ્યુનિસિપલ કમિશનર અને સુડાના અધ્યક્ષ રાજકુમાર બેનીવાલ દ્વારા તપાસના કડક આદેશ આપવામાં આવ્યા હતા. જેના પગલે સુડાના ઈન્ચાર્જ સીઈઓ સ્મિત લોઢાએ બે જવાબદાર અધિકારીઓને રૂબરૂ બોલાવીને રીતસરનો ઉધડો લીધો હતો અને સમગ્ર મામલે બેદરકારી દાખવવા બદલ શોકોઝ નોટિસ પા